# 6 અખિયોં કી ડિબિયામાં ચાંદો, સૂરજ, પ્હાડ

L7L8N6

## ગાઈએ ગીતિકા :

જળપરીનું ઝાંઝર તૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
જંગલમાંથી ઝરણું છૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
પાંખ ઝબોળી પંખી સરતાં
ઝાડ ઉપરથી, ફૂલો ઝરતાં
ડુંગર પરથી ગીત વછૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
જળપરીનું ઝાંઝર તૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
જળ ભરી વાદળીઓ ઝૂકી
હવાઓએ વાંસળીઓ ફૂંકી,
ક્યાંથી આવું અચરજ ફૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
જળપરીનું ઝાંઝર તૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
તરણાંને ના હોય હલેસાં
હુંય તરું રે એમ હંમેશાં
ભીનું ભીનું સમણું લૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
જંગલમાંથી ઝરણું છૂટ્યું: આલ્લે લે આલ્લે લે!
આલ્લે લે...
આલ્લે લે...
આલ્લે લે...!

– મનોહર ત્રિવેદી

## આ શું? એક અચરજ ઈતું; પૂંછડે પાણી પીતું; પવનથી બહુ બીતું.

- ‘અચરજ’નો અર્થ શો થતો હોય તેવું લાગે છે? જોડીમાં કામ કરો. થોડાં બીજાં વાક્યો વાંચીને નક્કી કરો.
- જાદુગરનો ખેલ જોઈને સૌ અચરજમાં પડી ગયાં.
- પહેલીવાર ઊડતી માછલી જોતાં મારા અચરજનો પાર ન રહ્યો.
- ચંદ્ર ઉપર માણસો ફરવા જશે એ વાતથી હવે અચરજ થતું નથી.
- જ્યારે અચરજ થાય ત્યારે મોં ખુલ્લું રહી જાય.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે ધોરણ-4માં લીંબુના ઉપયોગથી લોહી જેવું પ્રવાહી કાઢવાની વાત વાંચી હતી. હવે કોઈ લીંબુમાંથી લોહી કાઢે તો તમને અચરજ થાય? કેમ?
- તમે ઘરે બેઠાં હો અને શાળાના વર્ગમાંથી શિક્ષક ભણાવતા હોય તે જોઈને અચરજ થાય? કેમ?

**દસ વાર આંખ પટપટાવો. સાંભળો, મનમાં વાંચો.**

વાર્તા તમે કહો અથવા QR Codeમાંથી સંભળાવો. ત્યાર બાદ વિદ્યાર્થીઓને વાર્તા મનમાં વાંચવા કહો. તે પછી તરત વાતચીતના પ્રશ્નો પૂછો.

## અચરજ

આ વાર્તા ચંદ્ર જોવા ઘરેથી ભાગેલા એક નાનકડા છોકરાની છે.

છોકરો રોજ ચંદ્રને જોયા કરતો. ચંદ્ર ઊંચાં વાદળોમાં પેસીને લાંબાં ઝાડ ઉપર ઠેકીને દરરોજ રાત્રે દૂરના પર્વત તરફ જતો અને છોકરો રોજ રાત્રે પોતાની બારીમાંથી એ જોયા કરતો. ચંદ્રનું મોં દરરોજ રાત્રે જરા જરા વધતું અને વધી વધીને મોટું ગોળમટોળ થતું, પછી પાછું ધીમે ધીમે નાનું થઈ જતું અને આખરે એક રાત્રે છૂ થઈ જતું. છોકરાને થતું ચંદ્ર રાજી હોય ત્યારે વધે છે, ગમગીન હોય ત્યારે ઘટે છે. ચંદ્ર શાથી રાજી થતો હશે, શાથી ગમગીન થતો હશે, એનું છોકરાને અચરજ હતું. ચંદ્ર રોજ શા માટે દૂરના પર્વત ઉપર જતો હશે એનુંય છોકરાને કૌતુક રહ્યા કરતું.

કો'ક કો'ક વાર ચંદ્ર સાથે વાતો કરતો, વળી સામે તારા પોતાની વાતો કરતા. એ સૌના સંવાદથી કોઈ વાર વાદળ ખડખડાટ હસી પડતાં. કોઈ વાર તારાઓના હોઠ હાલતા અને ચંદ્ર મુગ્ધ થઈને એમનો કવિતાપાઠ સાંભળતો જણાતો. કોઈ વાર વાદળ પણ ચંદ્રની અડોઅડ ચાલતાં અને દૂરના પર્વત ઉપર જઈ શ્વાસ ખાતાં. છોકરાને વાદળોનું પણ અચરજ થતું.

વાદળ રોજ દેખાતાં, દિવસ હોય કે રાત. દિવસે સૂરજ એક પછી એક ડગલા ઉતારતો અને વાદળ સૂરજે ફેંકી દીધેલા રંગરંગીન ડગલા પહેરી આકાશના અરીસામાં જોતાં, ઘેલાં થઈને નાચતાં, આકાર બદલતાં.

**ચિત્ર દોરો :** સૂરજે ઉતારેલા જુદા જુદા રંગ અને ડિઝાઈનનાં કપડાં પહેરતાં વાદળ

સૂરજ રોજ પહાડ પાછળથી બહાર આવતો, અને સાંજે છોકરાનું ઘર પાર કરીને આથમી જતો.

છોકરાને થતું સૂરજ, ચંદ્ર, તારા, વાદળ બધાં



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ક્યાં સૂતાં હશે, શાની વાતો કરતાં હશે! આ છોકરાને થતું કે દૂરના પર્વત ઉપર રહેતા માણસોને એ બધી ખબર હશે.

છોકરાને થતું વાદળ સાથે રમનારાં, તારાઓ સાથે ઠઠ્ઠો કરનારાં, ચંદ્ર સાથે મિજબાની કરનારાં, દૂરના એ પર્વત ઉપર રહેનારાં કેવાં હશે! એક દિવસ છોકરાને ઘરેથી ભાગી પર્વત ઉપર જવાનું મન થયું. અને થયું, પર્વત ઉપર જવાથી એને અંબરનું સઘળું રહસ્ય સમજાઈ જશે. છોકરાને થયું, ઘરની બારીમાંથી બધું દેખાતું નથી. એટલે છોકરો પથારીમાંથી બેઠો થઈને ઘરની બહાર નીકળી દૂરના પર્વત તરફ ચાલવા લાગ્યો.

બારીમાંથી પર્વત બહુ દૂર નહોતો લાગતો પણ છોકરો જેમ જેમ એની તરફ જતો ગયો તેમ તેમ એ જાણે દૂર ને દૂર ખસતો ગયો.

છોકરો ઉત્સાહથી જવા લાગ્યો. પર્વત ઉપર ચડીને એને બધું જોવું હતું. ઉત્સાહમાં આવીને છોકરો દોડવા લાગ્યો. એના પગ દુખવા માંડ્યા પણ એ હસતાં હસતાં દોડતો રહ્યો. આ જંગલો પાર થાય એટલે બસ પર્વત પાસે પહોંચી જવાશે. એનાં કપડાં ખરડાવા માંડ્યાં, શ્વાસ ભરાઈ આવ્યો અને આંખમાંથી પાણી ઝરવા માંડ્યું પણ પર્વત ઉપર જઈને તો નિરાંતે સૂવાનું જ હતું, વાદળ સાથે જમવાનું હતું અને ચંદ્ર સાથે મૈત્રી કરવાની હતી, ત્યાં રહેતા રસિક લોકો પાસેથી રહસ્યોની સમજણ લેવાની હતી.

વૃક્ષોમાંથી કોઈ કોઈ વાર પાણી ચૂતું, કોઈ વાર કોઈ પાંદડાની કિનારી ઉપર પાણીનું ઝીણું ટીપું ઝવેરાતની જેમ ચમકતું. છોકરાને હતું કે પહાડ ઉપર જઈને સઘળું સમજીને કદાચ સવાર પહેલાં ઘરે પાછા આવી જવાય, બારીમાંથી પાછા ચંદ્ર અને તારા અને વાદળ અને સૂરજ જોઈને સમજણપૂર્વક રાજી થઈ શકાય. છોકરાને થયું કે કદાચ સૂરજ પણ રાત્રે બારીમાંથી ચંદ્રને જોયા કરતો હશે. છોકરાને થયું, પર્વત ઉપર જઈ સૂરજને ચત્તોપાટ સૂતો, સૂતાં સૂતાં બીજા દિવસના વિચાર કરતો જોવાની મજા આવશે.

આખરે પર્વત આખેઆખો સામે દેખાવા માંડ્યો. છોકરો દોડતો ગયો, પર્વત મોટો ને મોટો થતો ગયો. તળેટી આવતાં એણે પર્વત ઉપર વીંટળાયેલા વેલા જોયા. વેલા પકડી એ ચડવા માંડ્યો. પર્વત સૂતો હતો પણ શિખર ઉપર માણસો હજી જાગતા હશે, નહીંતર કોને પૂછશે પોતે? છોકરો ઝાડીઝાંખરાં પકડીને ચડતો ગયો, કોઈ વાર કોઈ નાનકડું પાંદડું એની મુઠ્ઠીમાં પાણી પાણી થઈ જતું.

પહાડ ઉપર એણે ઘણાં પ્રાણીઓનાં પગેરાં જોયાં. છોકરાને થયું, એનું પગેરું વગડાઉ પ્રાણીઓ જોશે, કદાચ કોઈ દિવસ એને ઘરે મળવા આવશે. જોતજોતામાં અડધે પહોંચી ગયો છોકરો હાંફતો હાંફતો. એના ગાલ ગરમ થઈ ગયા હતા, પરસેવો નીતરતો હતો. હવે થોડી વારમાં ટોચે જઈને પોતાની બારી જોશે, બારીમાં મૂકેલાં રમકડાંને હાથ ફેલાવી જે-જે કરશે, ચંદ્રને પૂછશે, તને શાનું દુઃખ છે? સૂરજને કહેશે, રાત્રે ક્યાં જાય છે?

આખરે ટોચ આવી. ટોચ ઉપર થોડાક જણ એક તાપણાની આસપાસ બેઠા હતા. આજુબાજુ પોતાના ઘર જેવાં નાનકડાં ઘર હતાં, ઘરની બારીઓમાં પોતાના જેવા નાનકડા છોકરા હતા. છોકરાને લાગ્યું કે પર્વતની ટોચ ઉપરથી નાનકડા છોકરા ચંદ્રને તળેટી તરફથી આવતો જોતા હશે અને પોતાની જેમ તળેટીએ જઈને ચંદ્રનો ભેટો કરવાના વિચાર કરતા હશે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પવન ફૂંકાતો હતો. બકરાં શાંતિથી ખિલ્લે બંધાઈ સૂતાં હતાં. તાપણાની આસપાસ બેઠેલા માણસો ઘરબારની વાતો કરતા હતા. ચંદ્ર ઊંચે જ હતો, અને તારા એથીયે ઊંચે.

તારા કવિતા બોલતા હતા, વાદળ તાળી પાડતાં હતાં. ટોચ ઉપરના પથ્થર અહીંથી મોટા દેખાતા હતા. પહાડની આસપાસ બીજાં પણ નાનાં નાનાં ગામ દેખાતાં હતાં, દૂર-દૂર બીજા પર્વત પણ દેખાતા હતા. બધી ખીણોમાં અને બધા પર્વતો ઉપર નાનાં-નાનાં ઘર હતાં અને એની બારીઓમાં નાના-નાના છોકરા હતા.

છોકરો જે જોવા અને જાણવા આવેલો એ કંઈ અહીં નહોતું. છોકરાને એનો રંજ ન થયો. પર્વત ઉપર આવી ગયા પછી હવે અચરજ દૂર કરવા માટે જવાની કોઈ જગ્યા ન રહી. છોકરાને એનો રંજ ન થયો. સઘળું અચરજ ચાલ્યું ગયું. હવે કંઈ અચરજ ન રહ્યાનો એને રંજ થયો.

— મધુ રાય

**આ વાર્તામાં તમને ખૂબ ગમ્યાં હોય, વાંચવાની મજા આવી ગઈ હોય તેવાં વાક્ય કે વાક્યખંડ નીચે લીટી કરો. એક-બે વાક્યખંડ QR કોડ મારફતે તમે સાંભળ્યા હતા તે રીતે વાંચો.**

**નીચેનામાંથી કઈ કઈ વાત જાણી ત્યારે તમને અચરજ થયેલું?**

- **શિક્ષક :** (1) તે પણ નિશાળમાં ભણવા જતા અને ગૃહકાર્ય કરતા. (2) તે ચંદ્રના અજવાળે વાંચતા-લખતા હતા. (3) તે થાળીમાં સળગતા કોલસા મૂકીને ઈસ્ત્રી કરતા હતા.
- **દાદી :** (1) 'રીંછ એકલું ફરવા ચાલ્યું' કવિતા તમારી દાદી પણ ભણ્યાં હતાં. (2) મમ્મી એકથી પાંચ ધોરણમાં સ્લેટ-પેન વાપરતાં, નોટ-પેન્સિલ-કાર્બન પેન નહિ. (3) તે એક ગામથી બીજા ગામ ચાલીને જ જતાં.
- **સૂર્ય :** (1) પૃથ્વીની આસપાસ ફરે છે. (2) દેખાય છે તેના કરતાં ઘણો ઘણો મોટો છે. (3) આકાશમાં ધગધગ સળગે છે તેથી તાપ લાગે છે.

**નીચેનામાંથી કઈ વાતનું તમને અચરજ , વધારે અચરજ , ખૂબ વધારે અચરજ થાય? યોગ્ય સ્માઈલી દોરો. જેટલું અચરજ થાય તેટલું પહોળું મોં કરી "ઓહો!" બોલો.**

1. ગરોળીની પૂંછડી કપાઈ જાય તો નવી ઊગે. (       )
2. શિયાળામાં કોપરેલ-ઘી ઠરીને ઘટ્ટ થઈ જાય. (       )
3. દીવાની જ્યોતના વાદળી ભાગમાં આંગળી મૂકીએ તો વધારે દાઝી જવાય. (       )
4. માણસોએ આકાશમાં એક ઘર બનાવ્યું છે. દર ત્રણ-ચાર મહિને વિજ્ઞાનીઓ ત્યાં રૉકેટ વડે આવ-જા કરે છે. (       )
5. ટેપરેકોર્ડરનો અવાજ જેમ જેમ ધીમો કરતા જઈએ તેમ તેમ અમુક વાજિંત્રોના અવાજો વધારે ચોખ્ખા સંભળાય. (       )



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

6. કોઈ વાર્તા વાંચતાં કે સાંભળતાં તેમાં જે આવતું હોય તે દેખાતું હોય તેવું લાગે. (        )

7. જે કરવાની બીક લાગતી હોય તે જ કામ કર્યું હોય તેવું સપનું આવે. (        )

**છોકરાને 'આ' જાણવાની ઈચ્છા થાય છે. – હા કે ના લખો.**

1. ચંદ્રના દુઃખનું કારણ શું હશે?
2. ચંદ્ર રોજ દૂરના પર્વત પર શા માટે જાય છે?
3. ચંદ્ર કઈ ભાષા બોલતો હશે?
4. દૂરના પર્વત પર રહેનારાં લોકો કેવાં હશે?
5. વાદળ અને ચંદ્ર એકબીજાને અડોઅડ કેમ ચાલે છે?
6. સૂરજ, ચંદ્ર, તારા, વાદળ વગેરે ક્યાં સૂતાં હશે?

- **ગાઈએ ગીતિકા : આલ્લે લે...**

**'અચરજ' વાર્તામાં છોકરાને શેના વિશે, કઈ કઈ બાબતોનું અચરજ થાય છે? દરેક વિગત માટે તેમાંની બે-બે બાબત લખો.**

| | છોકરાને થતું અચરજ | આ અચરજ તમને થાય છે? |
|---|---|---|
| 1. ચંદ્ર | ઉદાહરણ. 1. ચંદ્ર શાથી રાજી થતો હશે?<br>2. કોઈ રાતે ચંદ્રનું મોં છૂ થઈ જતું. | |
| 2. વાદળ | | |
| 3. સૂર્ય | | |
| 4. તારા | | |

**વાર્તામાં બન્યું હોય તો 'આહાહા!' અને ન બન્યું હોય તો 'ઉફ્ફ!' લખો. 'ઉફ્ફ!' લાગતું વાક્ય સુધારીને લખો.**

1. ચંદ્ર ક્યારેક દુઃખી તો ક્યારેક ખુશ હોય છે.
2. વાદળો અંદરોઅંદર વાતો કરીને ખડખડાટ હસે છે.
3. પર્વત પાર જઈને વાદળ સાથે મૈત્રી કરવાની હતી.
4. સૂરજ પર્વત પર નિરાંતે બેઠો બેઠો વિચાર કરે છે.
5. પર્વત પર રહેલા લોકો ચંદ્ર અને વાદળ વિશે વાતો કરે છે.
6. પર્વત પર જઈને ખબર પડી કે તારા કવિતા સાંભળે છે.
7. છેવટે છોકરાને કોઈ રંજ ન રહ્યાનું અચરજ થયું.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આંખ બંધ કરીને 'અચરજ' વાર્તા યાદ કરો. જોડીમાં કામ કરીને વાક્યનો સાચો અર્થ હોય તે વિકલ્પ સામે (✓) કરો. (જોડીકાર્ય)**

1. **છોકરાને થયું, એનું પગેરું વગડાઉ પ્રાણીઓ જોશે, કદાચ કોઈ દિવસ એને ઘરે મળવા આવશે.**
   - છોકરાને થયું, વનનાં પશુઓ મારા પગની છાપ જોઈને ભાગ્યે જ ઘરે વાતો કરવા આવશે.
   - છોકરાને થયું, જંગલી જાનવરો મારા પગની છાપ જોઈ ક્યારેક ઘરે મળવા આવશે.
   - છોકરાને થયું, જંગલી પ્રાણીઓ મારા પગ જોઈને ઘરે પૂછવા માટે આવશે.
2. **પર્વત ઉપર જવાથી છોકરાને અંબરનું સઘળું રહસ્ય સમજાઈ જશે.**
   - છોકરાને પહાડ પરથી ગગનનું કેટલુંક રહસ્ય ખબર પડી જશે.
   - ડુંગર પરથી છોકરાને અંબરની થોડીક અજાણી વાતો સમજાશે.
   - છોકરાને પહાડ પરથી આકાશની બધી છૂપી વાતોની ખબર પડી જશે.
3. **નાનકડા છોકરા પર્વતની ટોચ ઉપરથી ચંદ્રને તળેટી તરફથી આવતો જોતા હશે અને પોતાની જેમ તળેટીએ જઈને ચંદ્રનો ભેટો કરવાના વિચાર કરતા હશે.**
   - પર્વત પરના નાનકડા છોકરા ચંદ્રને નીચે આવતો જોઈને રમવાનું વિચારતા હશે.
   - પર્વત પરના નાનકડા છોકરા ચંદ્રને નીચે આવતો જોઈને મળવાનું વિચારતા હશે.
   - પર્વત પરના નાનકડા છોકરા ચંદ્રને નીચે આવતો જોઈને ફરવા જવાનું વિચારતા હશે.

**પંદર સેકંડ માટે આંખ બંધ કરી બેસો.**

**વાર્તામાં નીચેનાં કુદરતી તત્ત્વોને માણસ જેવાં કયાં કામ કરતાં બતાવ્યાં છે?**

| કુદરતી તત્ત્વો | માણસ જેવાં કામ |
|---|---|
| સૂર્ય | |
| ચંદ્ર | |
| તારા | |
| વાદળ | |

**લીટી કરેલા શબ્દને બદલે કૌંસમાં આપેલો બીજો કયો શબ્દ વાપરવાથી વાક્યનો અર્થ નહિ બદલાય? તે શબ્દ પર ✓ કરો. વર્ગમાં સમૂહચર્ચા કરી તમારો જવાબ તપાસો. બોલતી વખતે વાક્યમાં જરૂરી ફેરફાર કરી શકો.**

1. મેળામાંથી લાવેલું રમકડું બે દિવસમાં જ તૂટી ગયું એટલે નાનકડી ધીમહિ <u>ઉદાસ</u> થઈ ગઈ. (ગંભીર/ગમગીન/મુગ્ધ)
2. 'કુહૂ' પાઠ્યપુસ્તકમાં 'સવાર' નામની કવિતામાં 'કોયલ ગાતી કુહૂ'ને બદલે 'કોયલ ગાતો કુહૂ' વાંચ્યું ત્યારે અમને બહુ <u>નવાઈ</u> લાગેલી. (આનંદ/શંકા/અચરજ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. એક દિવસ ટીચર અચાનક જ એક નાનકડું બૉક્સ લઈને ક્લાસમાં આવેલાં. તે બૉક્સમાં શું હશે તેવા <u>કુતૂહલ</u>ને કારણે અમે બધાં એકદમ જ ટીચરને વીંટળાઈ વળેલાં. (કશુંક નવું જોવા-જાણવાની ઇચ્છા/સમાધાન/ખબર હોવા)

4. આજે રિસેસમાં તો અમે એટલું રમ્યાં ને એટલું દોડ્યાં, કે અમારા બધાંના <u>શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલવા લાગ્યા.</u> (શ્વાસ લેવાનો શરૂ થઈ ગયો/શ્વાસ ભરાઈ ગયો/શ્વાસ લેવાતો બંધ થઈ ગયો)

5. સસલાં, શિયાળ, હરણ વગેરે માનવવસતીથી દૂર વગડામાં વસતાં હોવાથી '<u>વગડાનાં</u> પ્રાણીઓ' કહેવાય. (વગડાઉ/જંગલવાળા/વગડો)

**સમૂહમાં ચર્ચા કરો અને પ્રશ્નોના જવાબ આપો. બાકીના મિત્રોના જવાબ જાણો.**

1. જંગલને વગડો પણ કહે. વગડામાં રહે એ પ્રાણીઓને વગડાઉ પ્રાણીઓ કહેવાય.
- તમને કયું વગડાઉ પ્રાણી સૌથી વધુ ગમે? ______

2. આપણે તો પ્રાણીનું પગલું જોઈને બહુ બહુ તો જે તે પ્રાણીનું નામ કહીએ, કેટલાક માણસો તો પગેરું જોઈ તેની ઉંમર, નર છે કે માદા, ભૂખ્યું છે કે ધરાયેલું એમ ઘણી બધી બાબતો કહી શકે.
- તમે કયાં કયાં પ્રાણીનાં પગલાં ઓળખી શકો? ______

3. સૂર્ય, ચંદ્ર ને તારાઓ આપણને જ્યાં દેખાય છે તે આકાશને 'ગગન', 'અંબર' અને 'ખ' પણ કહેવાય.
- તમને અંબરમાં શું શું જોવું ગમે? ______

4. રમતી વખતે આપણે બહુ દોડીએ ત્યારે કેટલીક વખત આપણને હાંફ ચઢી જાય છે. તેને શ્વાસ ભરાઈ ગયો એમ પણ કહેવાય.
- તમને ક્યારે ક્યારે શ્વાસ ભરાયો હોય એવું થાય છે? ______

5. એક ટેકરી એવી છે જેના પર બાઇક, ગાડી જેવાં વાહન આપમેળે ચઢે, બંધ હોય તો પણ. જોકે, વિજ્ઞાનીઓએ તેનું રહસ્ય ઉકેલી કાઢ્યું છે.
- તમારા વિસ્તારમાં રહસ્યવાળી કોઈ જગ્યા છે? ______

6. પાંચમામાં ભણતી સૃષ્ટિને મમ્મીનાં કપડાં મોટાં જ પડેને! મમ્મીનું ટી-શર્ટ તેણે ડગલો પહેર્યો હોય એવું જ લાગેને!
- તમે કોનાં કોનાં કપડાં પહેરો તો તમારા પર તે ડગલા જેવાં લાગે? ______

7. હું આઠ ગામ વટાવું પછી મારાં નાનીનાં ગામે પહોંચું.
- તમારે તમારાં નાનીનાં ગામે પહોંચવું હોય તો તમારે આશરે કેટલાં ગામ પાર કરવાં પડે? ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**શબ્દોની યાદી : ચંદ્ર, ગમગીન, મુગ્ધ, ભેટો કરવા, ઘેલું થવું, રહસ્ય, સઘળું, વગડાઉ, પાર કરવું, શ્વાસ ભરાવો, કૌતુક**

**(અ) ઉપરની યાદીમાંથી યોગ્ય શબ્દ નક્કી કરી ખાલી જગ્યામાં લખો. (જોડીકાર્ય)**

ચંદ્ર જોવા ઘરેથી ભાગેલા છોકરાની વાર્તા સાંભળીને નાનકડી જલધિએ વિચાર્યું, ''મારે તો આ સૂરજનું ________ શોધી જ કાઢવું છે.'' સૂરજ રોજેરોજ ક્યાં સંતાઈ જતો હશે એ બાબત જલધિને ________ તો ખૂબ હતું, પણ પેલા છોકરાની વાર્તામાં ________ પ્રાણીઓની વાત આવતી હતી. તેથી જલધિને થોડી બીક લાગતી હતી. તેણે ________ ચહેરે મમ્મીને બધી વાત કહી. તેની મમ્મીએ તેને કહ્યું, ''મમ્મા હેં ના! મમ્મી તારી સાથે આવશે.'' મમ્મી સાથે હોય પછી તો પર્વત હોય કે જંગલ, કશું જ ________ તેને માટે ક્યાં અઘરું હતું! મમ્મીની આંગળી ઝાલીને જલધિ તો ચાલી સૂરજનો ________.

**(બ) યાદીમાંના શબ્દો પરથી પાંચ વાક્યો બનાવો. બે શરત છે : (1) એક પણ શબ્દ રહી જવો જોઈએ નહિ. (2) 'અચરજ' વાર્તાનું એક પણ વાક્ય લઈ શકાશે નહિ. (ઘરકામ)**

ઉદાહરણ : વિશાલને ચંદ્રની ગાડી બનાવી અંબર પાર કરવાનાં સપનાં આવે છે.

**''ઓહ! આહ! વાહ!'' એમ એકસાથે ત્રણ વાર બોલો. જોડીમાં કામ કરી ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો. વાક્ય લાંબું હોય તો ઝીણા અક્ષરે લખજો.**

1. ચંદ્ર-રંગરંગીન-ડગલો : સૂર્યની જેમ ચંદ્ર પાસે રંગરંગીન ડગલા હશે!
2. આજુબાજુ-વગડાઉ-ગમગીન : ________
3. આખેઆખો-પાર કરવું-અચરજ : ________
4. મિજબાની-ખડખડાટ-ખુશ : ________
5. અંબર-અડોઅડ-કૌતુક : ________
6. આસપાસ-પગેરું-રહસ્ય : ________

**સમૂહમાં ચર્ચા કરી જવાબ નક્કી કરો અને લખો.**

1. છોકરાને કઈ કઈ બાબતનું અચરજ થાય છે?
2. છોકરાને પર્વત પર જવાનું મન કેમ થયું?
3. છોકરો પર્વત પર જઈને શું કરવા માગતો હતો? ત્યાં પહોંચીને તે શું જુએ છે?
4. પર્વત પરના લોકોનું જીવન છોકરાના ગામના લોકો કરતાં જુદું હતું? તમને કઈ રીતે ખબર પડી?
5. છોકરો છેલ્લે દુ:ખી થાય છે? કેમ?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **આલ્લે લે! ગાવી નથી ગીતિકા? તો ગાઈએ.**

**આ એકમ ભણતાં ભણતાં સૂર્ય, ચંદ્ર, તારા, વાદળ, પહાડ, વૃક્ષ, નદી જેવાં કુદરતી તત્ત્વો અને માણસે બનાવેલી ચીજવસ્તુઓ તથા ઘટનાઓ વિશે તમને જે જે અચરજ થાય તે એકમને અંતે આપેલી અચરજ પોટલીમાં લખો.**

**ઊંડા શ્વાસ લો, જોરથી 'હો' બોલી બધો શ્વાસ બહાર ફેંકો. ઉદાહરણ મુજબ શક્ય તેટલા બધા શબ્દોના વિરોધી અર્થ બનાવતા શબ્દ મૂકી વાક્ય લખો.**

ઉદાહરણ : હું શિયાળામાં સવારે વહેલો ઊઠું છું.

તું ઉનાળામાં રાત્રે મોડો ઊંઘે છે.

1. હું અને મારો ભાઈ ઝડપથી પર્વતના શિખરે ચઢ્યા.
2. પૂનમની રાત્રે ચંદ્રને આખેઆખો જોઈને મમ્મી રાજી થઈ ગઈ.
3. પોતાની બકરીને જીવતી જોતાં જ કાકા શાંત થઈ ગયા.
4. વગડાઉ પ્રાણીઓની સંખ્યા વધતી જાય છે.
5. મહેલ નદીની અડોઅડ છે.

**બંને ખાનાંમાંથી એક એક શબ્દજૂથ લઈ ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો.**

| કેવી રીતે? | આમ કરશો? | વાક્ય |
|---|---|---|
| જરા જરા | મોં દુઃખી ગયું. | • ઓ મા! હસીહસીને મોં દુઃખી ગયું. |
| નાનાં નાનાં | સમજણ પડવા લાગી છે. | • ઓહો! |
| વધી વધીને | પપ્પા જેવડો થઈ ગયો છે. | • વાહ! |
| દૂર દૂર | સુધી અવાજ સંભળાતો. | • અરેરે! |
| ધીમે ધીમે | ટોળું ભેગું થઈ ગયું. | • |
| જોત જોતામાં | મામા અમારા ઘરે આવે. | • |
| કોક કોક વાર | અમે મામાના ઘરે જઈએ. | • |
| કોઈ કોઈ વાર | પરીક્ષા નજીક આવતી જાય. | • |
| જેમ જેમ | વાતો કરતાં. | • |
| તેમ તેમ | વાક્યો બનાવવાં. | • |
| હસી હસીને | | • |
| હસતાં હસતાં | | • |
| સૂતાં સૂતાં | | • |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મોટેથી વાંચો.

વાક્યનાં વિરામચિહ્ન અનુસાર આરોહ-અવરોહથી મોટેથી વાંચી સંભળાવો. સમૂહમાં મહાવરો કરાવો. આવાં બીજાં વાક્યો પણ બોલાવવાં.

- દૂધ બગડે ખરું?
  હાસ્તો!
  શાકભાજી?
  બગડે જ ને!
  અને ફળ?
  કેમ વળી? થોડા દિવસમાં સડવા માંડે.
  મધ?
  બગડતું જ હોય ને.
  ના, મધ હજાર વર્ષે પણ ન બગડે.
  ઓહો! આજે ખબર પડી!

- ચંદ્ર પર ડોસી અને બકરી રહે, ખબર છે?
  ના હોય! ચંદ્ર પર?
  કેમ! તે પૂનમે જોયું નથી?
  જોયું છેને! ખાડા દેખાય છે.
  અરે! ડોસી અને બકરી દેખાય એ તો ખાડા એવા લાગતા હશે.
  લાગે છેને! બસ ત્યારે.
- વાહ! શું સુંદર મેઘધનુષ્ય છે.
- ઓહો! કેટલો મોટો હાથી!
  કેટલા મોટાં દાંત ને કાન!



એ એક એવો ઝેરી સાપ છે કે એ કરડે તો માણસ તરત જ મરી જાય.
ઓહ! સાપ એટલો બધો ઝેરી હોય?
હાસ્તો વળી! હોય શું? છે જ!

- **આલ્લે લે... ગાઈ લઈએ.**

## વાંચો, અર્થ સમજો અને '!' કે '.' નિશાની કરો. મોટેથી વાંચી સંભળાવો.

શિક્ષક પહેલાં બે વાક્યો બોલી સંભળાવે, તે પ્રમાણે વિરામચિહ્ન મૂકી આપે. પછીનાં વાક્યોમાં વિદ્યાર્થીઓને વિરામચિહ્નો મૂકવા કહેશે. વિદ્યાર્થીઓ આ કામ પૂર્ણ કરે પછી કેટલાક વિદ્યાર્થીઓને આ વાક્યો વર્ગ સમક્ષ બોલવા કહેશે.

- અરર.... છોકરું પડી ગયું
- ઓહ મને તો આજે ખબર પડી
- અમે આ વૅકેશનમાં પ્રવાસમાં જવાનાં છીએ
- કંઈ ખબર જ નથી પડતી ને
- મારા ઘરે મહેમાન આવ્યા છે
- અહા આવ્યું વૅકેશન
- અરે વાહ તું તો બહુ મીઠુંમીઠું ગાય છે
- સુપ્રભાત હું મજામાં છું

## જે વાક્યો આશ્ચર્ય દર્શાવે છે તેની નીચે લીટી કરો. એવાં વાક્યોને છેડે '!' નિશાની કરો. સાદાં વાક્યોને છેડે '.' ની નિશાની કરો.

શિક્ષક વાંચીને સંભળાવે બાળકોએ લીટી કરવી.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અક્ષરાને ચિત્રકામ એટલું બધું ગમે કે ન પૂછો વાત એ રંગો અને પીંછી બજારમાંથી ખરીદીને લાવી પણ એમને એક ખૂણામાં મૂકી જ રાખ્યાં આથી ડબ્બીમાંના રંગોને તો ભાઈ આળસ ચડી એમને કંઈ જ કરવાનું ગમે નહીં પણ પીંછીબહેન ખૂબ ઉત્સાહી હતાં એમણે રંગોને સમજાવ્યા અને કહ્યું એ કામ કરવામાં કેટલો આનંદ આવે છે આપણે અક્ષરાબહેનને ચિત્ર દોરવામાં મદદરૂપ થઈએ ‘‘ઓહ! અત્યારે તો અક્ષરાને વૅકેશન છે’’ વાદળી રંગે ધ્યાન દોર્યું રાત પડી ને અક્ષરા સૂઈ ગઈ ત્યારે પેન્સિલબહેન, પીંછીબહેન તથા બધા રંગોએ ભેગાં મળીને એક યુક્તિ કરી ને એ પ્રમાણે અદ્‌ભુત કામ કર્યું પછી બધાંએ ઉત્સાહમાં આવીને કહ્યું ‘‘વાહ ભાઈ વાહ’’

**ચાલો જઈએ સપનાના દેશમાં...**

## સપના રે સપના

સપના રે સપના
હૈ કોઈ અપના
અખિયોં મેં ભર જા
અખિયોં કી ડિબિયા
ભર દે રે નિંદિયા
જાદુ સે જાદુ કર જા
સપના રે સપના
અખિયોં મેં ભર જા
ભૂરે ભૂરે બાદલોં કે ભાલૂ
લોરિયાં સુનાએં લા રા લુ
તારોં કે કંચોં સે રાત ભર ખેલેંગે
સપનોં મેં ચંદા ઔર તૂ
સપના રે સપના
પીલે પીલે કેસરી હૈ ગાંવ
ગીલી ગીલી ચાંદની કી છાંવ
બગુલોં કે જૈસે રે
ડૂબે હુએ હૈં રે
પાની મેં સપનોં કે પાંવ

- ગુલઝાર

(**લોરી**-હાલરડું; **કંચા**-લખોટી; **ગીલા**-ભીનું)

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

- કવિતાની કઈ પંક્તિ તમને ખૂબ ગમી? ગાઓ.
- તમને યાદ રહી ગયું હોય તેવું આખેઆખું કે અરધુંપરધું સપનું સૌને કહો.
- આખું ગામ પીળુંપીળું કેસરી ક્યારે લાગે?
- આ ગીત ગાનાર કોની સાથે વાત કરી રહ્યું છે?
- આ ગીત કયા સમયનું લાગે છે - બપોર કે રાત? તમને કઈ રીતે ખબર પડી?
- તમારા કુટુંબમાં નાનાં બાળકોને સુવડાવવા માટે કયું ગીત ગવાય છે? એ હાલરડું ગાઈ સંભળાવો.
- જાદુ વડે જાદુ કરી શકાય એમ બીજું શું શું કરી શકાય?
  ઉદાહરણ દીવા વડે દીવો, તારામંડળથી તારામંડળ
- હવે પુસ્તક બંધ કરી કવિતામાંથી યાદ રહી ગયેલી લીટી કે શબ્દો કહો.

### આ પંક્તિઓનો જે અર્થ તમને યોગ્ય લાગે તેની સામે '✓' ની નિશાની કરો.

**1. અખિયોં કી ડિબિયા ભર દે રે નિંદિયા**

( ) આંખો જેવા આકારની દાબડીમાં ઊંઘ ભરી દે. ( ) આંખોના ખેતરમાં નીંદામણ ભર્યું છે.

( ) ઓ ઊંઘ! મારી આંખોની દાબડીમાં ભરાઈ જા.

**2. બાદલોં કે ભાલૂ**

( ) વાદળોએ રીંછ જેવો આકાર બનાવ્યો છે. ( ) રીંછ વાદળોમાં રમે છે.

( ) રીંછનું નામ બાદલ છે.

**3. તારોં કે કંચોં સે રાતભર ખેલેંગે**

( ) આખી રાત તારાની લખોટીથી રમીશું. ( ) આખી રાત તારાથી કે લખોટીથી રમીશું.

( ) રાતને તારાની લખોટીથી ભરવા રમીશું.

**4. પીલે પીલે કેસરી હૈ ગાંવ**

( ) કેસરી ગામને પી લે...! ( ) કેસરી નામનું ગામ પીળું-પીળું છે.

( ) ગામ પીળાં પીળાં કેસરી રંગનાં છે.

**5. ડૂબે હુએ હૈં રે પાની મેં સપનોં કે પાંવ**

( ) સ્વપ્નમાં પાઉં પાણીમાં ડૂબી ગયાં છે. ( ) સ્વપ્નના પગ પાણીમાં ડૂબેલા છે.

( ) સપના નામની છોકરીના પગ પાણીમાં ડૂબેલા છે.

### જો આવું હોય... તો કેવું હોય?

1. જો આંખો દાબડી હોય તો તેમાં નીંદર સિવાય બીજું શું ભર્યું હોય?

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. જો વાદળો રીંછ હોય તો તે આકાશમાં શું કરે?
3. જો વાદળ તમારે ખાટલે હાલરડું ગાવા બેસે તો શું ગાય?
4. જો ગામ પીળું-પીળું અને કેસરી હોય તો ક્યાં ક્યાં ફૂલો ખીલ્યાં હશે?
5. જો ચાંદની ભીનીભીની હોય તો તે શાના કારણે?
6. સપનામાં તમારી ઊંઘ ઊડી જાય ને તારાથી ભરેલું આકાશ દેખાય તો તમને કેવા કેવા વિચાર આવે? તમને શું રમવાનું થાય?

**આ કવિતામાં આવતી હોય તેવી સપનાની કોઈ વાતનું ચિત્ર દોરી એમાં મનગમતા રંગો પૂરો. (જેમ કે, રીંછ જેવાં ભૂરાં વાદળો, તારાથી રમતા ચાંદો અને બાળક, પીળું પીળું કેસરી ગામ, ચાંદનીના પાણીમાં ઊભેલો બગલો) (ઘરકામ)**

**વાક્ય સાચા જેવું લાગે તો 'હકીકત' અને સપના જેવું લાગે તો 'સપનું' લખો. ત્યારબાદ એક 'હકીકત'વાળું અને એક 'સપના'વાળું વાક્ય બનાવો.**

1. રાજુ હેલિકોપ્ટરમાં મુંબઈ ગયો. - ____
2. એક સપનું વિવેકની આંખોની પેટી ખોલી અંદર પેસી ગયું. - ____
3. રમેશે બારણે ટકોરા માર્યા. - ____
4. નેહાએ એક પક્ષીને ઊડતું જોઈ તેના જેવી પાંખો બનાવવાનું નક્કી કર્યું. - ____

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5. નિશાળના મેદાનમાં રસગુલ્લાંનો વરસાદ થયો. - ______

6. જેવી મેં ગિલ્લી ઉડાડી કે તે ચકલી બની ગઈ. - ______

7. મોડું થયું તો હું ઊડતી શેતરંજી પર બેસી ઝટ પહોંચી ગયો! - ______

8. દોડ સ્પર્ધામાં મારો પહેલો નંબર આવ્યો. - ______

9. ______

10. ______

- **'સપના રે સપના' કે 'આલ્લે લે!' ગાઈએ.**

**આ ફકરો જોડીમાં વાંચ્યા પછી એકબીજાનાં સપનાં વિશે વાતચીત કરો. તમારા મિત્રે કહેલું સપનું વર્ગમાં સંભળાવો. (જોડીકાર્ય)**

તમે એલિયાસ હોવનું નામ સાંભળ્યું છે? આ નામ તમને અપરિચિત લાગે છે? ભલે કશો વાંધો નહીં. તમે તમારા શર્ટ, ફ્રૉક, ટી-શર્ટ કે કોઈપણ વસ્ત્રને અડીને કહો, થૅન્કયૂ 'એલિયાસ હોવ' સાહેબ''! કેમ? કારણ કે આ એ વ્યક્તિ છે જેણે સીવવાનો સંચો શોધ્યો. એ મશીન કે જે તમારાં પરિધાનોને લાંબા સમય સુધી ટકાવી રાખે છે. તમને ખબર છે કે આ એક સ્વપ્ન દ્વારા શક્ય બન્યું! જ્યારે એલિયાસ આ મશીન બનાવવાની મથામણ કરતો હતો ત્યારે એક મુશ્કેલીમાં આવી. તેને એક ખાસ પ્રકારની સોયની જરૂર હતી જે તેના મશીનની શોધને સંપૂર્ણ બનાવે. ઘણી મહેનત પછી તે એટલો નિરાશ થઈ ગયો કે તેને થયું 'મારાથી મશીન નહીં શોધી શકાય.' રાત્રે તેને ભયંકર સપનું આવ્યું! સપનામાં કેટલાક રાક્ષસો તેને મોટા તપેલામાં ઉકાળી રહ્યા હતા અને ભાલા વડે મારી રહ્યા હતા! એલિયાસે એ જોયું કે તે ભાલાની અણી પર કાણું હતું! તે ગભરાયો ખરો પણ બીજી જ ક્ષણે એ પથારીમાંથી કૂદ્યો! સપનાએ તેના પ્રશ્નનો જવાબ આપી દીધો હતો અને જણાયું કે તેના મશીનની સોયની અણી પર કાણું પાડવાની જરૂર હતી. બીજા દિવસે તેણે એવી સોય બનાવી. આ રીતે આપણને સીવવાનો સંચો મળ્યો.

બે-ત્રણ દિવસ પછી આ ફકરાનું શ્રુતલેખન કરાવો.

**ચાલો, રમીએ સ્વપ્નાક્ષરી. તમને કેવું સપનું જોવાનું બહુ ગમે? વર્ણન કરો.**

**પ્રશ્નોના જવાબ લખો.**

1. આ કવિતા શાના વિશે છે?
2. રાતભર ખેલેંગે સપનોં મેં ચંદા ઔર તૂ - આ લીટીમાં 'તું' એટલે કોણ?
3. 'ભૂરે ભૂરે બાદલોં' એટલે કેવાં વાદળાં?
4. ભીનું શું છે?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5. સપનું કોની જેમ પાણીમાં ઊભું છે?
6. સપના-અપના જેવા સાંભળવામાં સરખા લાગતા શબ્દોની જોડી કવિતામાંથી શોધીને લખો.

### ઉદાહરણ પ્રમાણે લખો અને વાક્યમાં પ્રયોગ કરો. (જૂથકાર્ય)

**ઉદાહરણ :** વાદળો એટલે – આકાશમાં હાલરડું ગાતાં કાળાં કાળાં રીંછ – આકાશમાં સામસામે વાદળો એટલે જાણે આકાશમાં હાલરડું ગાતાં કાળાં કાળાં રીંછ.

1. વરસાદ એટલે – આકાશમાં ઊંધા લટકાવેલા ફુવારા – આકાશમાં ચાલુ રાખેલા નળ – ______
______
2. વૃક્ષ એટલે – ધરતી પર લીલી ચાદર ઓઢીને એક પગે ઊભેલા તપસ્વીઓ – ______
______
3. પવન એટલે – વાદળાંને પોતાની ગાડીમાં બેસાડી ફરવા નીકળતો ડ્રાઈવર- ______
______
4. વીજળી એટલે – આકાશમાં ઉજવાતી દિવાળી – ______
______
5. સૂરજ એટલે – આખી દુનિયામાં અજવાળું ફેલાવે એવો દીવો – આકાશમાં અધ્ધર લટકતું ફાનસ – ______
6. વિમાન એટલે – પૈસાથી આકાશમાં મુસાફરી કરાવતું વિશાળ પંખી – ______
______ – ______
7. મોર એટલે – ______ – ______

### પહેલાં આખો પેરેગ્રાફ સળંગ સડસડાટ વાંચો. પછી ખૂબ હસો. અહીં બે ફકરાના વાક્યટુકડા ભેગા થઈ ગયા છે. ટુકડા છૂટા પાડો, વાક્ય બનાવો અને ફકરા છૂટા પાડીને લખો. (જોડીકાર્ય)

વૃક્ષાસન કરીએ./ગાંધીજીનો જન્મ/સાવધાનમાં/પોરબંદરમાં થયો હતો./ઊભા રહો./જમણા પગને/તેમનું મૂળ નામ/ઘૂંટણથી વાળીને/ડાબી સાથળ પર ગોઠવો./મોહનદાસ હતું./ડાબા પગ પર/તેમના માતાનું નામ પુતળીબાઈ/શરીરનું સંતુલન ગોઠવી લો./અને પિતાનું નામ/બંને હાથ ઉપર કરો/કરમચંદ હતું./તેમણે ઈંગ્લૅન્ડ જઈ/માથા ઉપર નમસ્કારની રીતે/વકીલાતનો અભ્યાસ કર્યો હતો./મોહનદાસે/હાથ જોડો./ઊંડા શ્વાસોચ્છ્વાસ કરો./આ રીતે/જ્યાં સુધી ઊભા રહી શકાય ત્યાં સુધી/આફ્રિકામાં વકીલાત કરી હતી./ઊભા રહો./આ રીતે પગ/આફ્રિકામાં પણ/બદલીને ફરીથી કરો/ તેમણે સત્યાગ્રહ કર્યો હતો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એકબીજાને કહો કે પછી શું થયું હશે તેમાંથી સૌથી વધુ ગમેલી વાત લખો. (જૂથકાર્ય)

| પહેલાં શું થયું? | થયું એવું કે... | પછી શું થશે? |
|---|---|---|
| અડધે રસ્તે હતી ને વરસાદ પડ્યો. | દોડાદોડ બાજુની દુકાનમાં જતી રહી. દફતરમાં રેઈનકોટ હતો તે પહેરી લીધો. ચોપડીઓ તો આમેય સલામત હતી. | એટલે આપણે તો લટકમટક કરતાં પાછું નિશાળ તરફ ચાલવા માંડ્યું. |
| હજી મેં આંખ ખોલી ત્યાં તો... | | |
| | અંગુઠા જેવડું પંખી મારી હથેળીમાં આવીને બેઠું... | |
| | | મારો પતંગ ખૂબ ઊંચે પહોંચી જશે. |
| | મેં તેની વાત શાંતિથી સાંભળી એટલે ભૂત મારું દોસ્ત બની ગયું. | પછી તો |
| હું ઘરમાં એકલો/એકલી જ હતી. | | |
| | | |

34 ફકરો વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.

### આશાની આશા

આશા : ભાઈ ખો-ખો રમે, ગિલ્લીદંડા રમે. હું ઘર-ઘર રમું, બા બનું. ભાઈ પાસે રમવાની મોટર છે. મારી પાસે રમવાની ઢીંગલી છે, કૂકા છે. મારે મોટર ચલાવવી છે પણ બા-બાપુ મને


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એ નથી આપતાં. તેઓ કહે છે, ''તું છોકરી છે, તારે એનાથી ન રમાય.'' એમ કેમ? આ બરાબર છે?

1. આમાં કઈ કઈ રમતની વાત આવે છે?
2. છોકરો કઈ રમતો રમે છે?
3. છોકરી કઈ રમતો રમે છે?
4. આશાને રમત વિશે શી ફરિયાદ છે?
5. મમ્મી-પપ્પા આશાને મોટર કેમ આપતાં નથી?
6. તમારા ઘરમાં ભાઈ અને બહેનને રમવાનાં રમકડાં જુદાં જુદાં છે?
7. છોકરી આશા રમે છે તેવાં રમકડાંથી રમે અને છોકરો આશાનો ભાઈ રમે છે તેવાં રમકડાંથી રમે - એ વાત તમને બરાબર લાગે છે? કેમ?
8. આશાના મમ્મી-પપ્પાને તમે શી સલાહ આપશો?

**હસો.**

''તું તો હવે ઊંઘી જવાનીને?''
''હા, મમ્મી ગુડનાઇટ.''
''તો પછી અરીસા સામે શું કરે છે?''
''હું તૈયાર થાઉં છું, મમ્મી.''
''કેમ?''
''આજે સપનામાં મારે પિકનિકમાં જવાનું છે.''
''સારું, પાણીની બોટલ લઈ જવાનું ભૂલી ન જતી!''

- **લગભગ સરખા :**



**જળપરી**-જેનું ધડ સ્ત્રીનું હોય અને પગના સ્થાને માછલીની પૂંછડી હોય તેવું એક કાલ્પનિક જળચર પ્રાણી; **વછૂટ્યું**-છૂટીને ઊડ્યું; **હલેસું**-હોડી ચલાવવાનું લાકડું; **ગોળમટોળ**-હૃષ્ટપુષ્ટ તંદુરસ્ત; **કૌતુક**-કુતૂહલ, નવાઈ, વિસ્મય; **ઘેલું થવું**-ગાંડા પેઠે વર્તવું; **પાણી ચૂવું**-પાણી ટપકવું; **ચત્તુંપાટ**-પોતાની પીઠ પર એકદમ સીધું સૂતેલું; **રંજ**-દુઃખ, ખેદ, દિલગીરી

- **શબ્દભંડાર :**
- **અચરજ પોટલી**

- **આ એકમની કવિતા/વાર્તા તમને જેટલી ગમી હોય તે મુજબ શીર્ષક પાસે સ્ટાર દોરો.**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in